વ્યાસજી વલ્લભરામ કૃત

સુદામાજીની અકળલીલા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર. ત્રીભોવનદાસ લલુભાઇ.

લીંમડા ચૌક—સુરત

તથા

નાથુભાઈ પરભુદાસ.

મોટી ઘડીઆળ આગળ—સુરત.

અમદાવાદમાં,

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી — પ્રત ૨૦૦૦

સંવત ૧૯૬૯ — સને ૧૯૧૩

કીંમત ૧ આનો.

હમારી દુકાને વેચાતાં પુસ્તકો નીચે પ્રમાણે છે, તે સીવાય વર્ણિક જાતોની ચોપડીઓ મળે છે.

જાલંધર આખ્યાન.	૦–૮–૦	મોટી ગરબાવળી.	૦–૪–૦
ભારત વલ્લભકૃત	૩–૦–૦	ગુણ સુંદરી.	૦–૬–૦
રામાએણ મોટું	૧–૮–૦	ઓખારણ મોટું.	૦–૪–૦
એજનનાનું	૦–૮–૦	એજ નાનું.	૦–૧–૦
સુડાબોતેરી મોટી	૦–૭–૦	પ્રભાત મોટાં.	૦–૧–૦
કાવ્ય દોહન મોટું	૦–૬–૦	મચ્છવેદ.	૦–૪–૦
ભક્તમાળ નાભાજી કૃત	૦–૮–૦	સુરેખા હરણ.	૦–૪–૦
એજન પાકી	૦-૧૨-૦	ચકાવો.	૦–૪–૦
બીરબલ બાર ભાગ	૦–૮–૦	સુધનવા આખ્યાન.	૦–૪–૦
એજન છ ભાગ	૦–૪–૦	સ્વર્ગારોહીણી.	૦–૪–૦
ભજન ભંડાર મોટું.	૦–૮–૦	નળઆખ્યાન.	૦–૨–૦
ભજન સાગર	૦–૨–૦	યોગવશીષ્ટ વૈદક.	૦–૬–૦
ભક્તશીરોમણી.	૦–૨–૦	અમૃતસાગર ,,	૧–૪–૦
નારણસીંગ ભજનાવળી	૦–૩–૦	યોગ ચીંતામણી.	૧–૦–૦
ગુલબકાવલી ચીત્ર સાથે.	૦–૪–૦	સારંધર સહીતા.	૨–૦–૦
કામકળા ચીત્ર સાથે.	૦–૪–૦	ગોપીચંદ નાટક મોટું.	૦–૩–૦
કામીની ચરીત્ર.	૦–૪–૦	ચંદ્રાસ નાટક મોટું.	૦–૪–૦
ભરથરી નાટક મોટું.	૦–૪–૦	સંગીત લીલાવતી.	૦–૩–૦
હરીશ્ચંદ્ર નાટક મોટું.	૦–૪–૦	સતી લીલાવતી નાટક.	૦–૨–૦
બત્રીસ પુતળી મોટી.	૧–૦–૦		

માસ્તર. ત્રિભોવનદાસ લલ્લુભાઈ.

સીમડા ચોક—સુરત.

સુદામાની અકળલીલા.

એક વખત વિઠ્ઠલવર ચાલ્યા, ભાવ ભક્ત ઉપર લાવ્યા;
બાળસ્નેહી સુદામાને, મળવા માધવજી આવ્યા. ૧
સુદામાપુરી પ્રભુ પધાર્યા, નરનારીને હેત વ્યાપ્યું;
પવિત્ર પત્નિ સુદામાની, હરજીને આસન આપ્યું. ૨
સુદામા કહે છે નારીને, ચડાવ્ય ચુલે તપેલી;
રિદ્ધ સિદ્ધ ને નવે નિદ્ધ તે, આ હરીએ મને આપેલી. ૩
મુટ્ટી-તાંદુળ લઇ માધવે, મને ઘણો ગૃહસ્થ કર્યો;
દારિદ્ર હતું દાણા નવ મળતા, તે દુઃખનો દિવસ હર્યો. ૪
શામા રસોઇ કરવા બેઠી, શાક પાક સાગગ્રી ઘણી;
રોટલીની શેર કણેક બાંધી, તેમાંથી અચ્છેર વણી. ૫
ત્યારે સુદામા કહે શામને, શીદ ભુખ્યા બેશી રહીએ;
રસોઇ તઇયાર થવા આવી, નદીએ ન્હાવાને જઇએ. ૬
એટલે ઉઠયા શ્યામ સુદામા, એક એકના કર ઝાલ્યા;
સ્વચ્છ ધોયેલાં વસ્ત્રજ લીધાં, વાતો કરતા બેઉ ચાલ્યા. ૭
સુદામા કહે સુણો શામજી, હું બ્રાહ્મણ પર હેત લાવો;
લોક વાત કરે છે માટે, અકળલીલા બતાવો. ૮
એ અકળલીલા જોવાને માટે, મોહન હું મરૂં મથી;
શામ કહે અકળલીલા, જોવામાં કાંઇ સાર નથી. ૯
સુદામા કહે મારે જોવી, એમ કરતા નદીએ આવ્યા;
અકળલીલા હરજીવનજી, દેખાડવા દિલ ભાવ્યા. ૧૦

શામ કહે સુણો સુદામા, મન તણો મમત મેલો;
આ પારથી ડુબકી મારો તો, પેલે પાર કોણ જાય પહેલો.
એમ કહી સુમને ચડીયા, પડીયા નદીના નીરમાં;
ત્રણ લોકનો નાથ ત્યાંથી જઇ ઉભો સામી તીરમાં. ૧૨
અકળલીલા નથી ઓછી, નૌતમ નટવર નાગરમાં;
હરજીએ હડસેલી મેલ્યા, સુદામાને સાગરમાં. ૧૩
બે ઘટીકાએ બહાર નીકળ્યા, પરતાવો મનમાં કરતા;
ક્યાં ગયું ઘર ને ક્યાં છે ઘનશ્યામ, આંખે બહુ આંસુ ભરતા. ૧૪
બારે જળ જોઇ ભડકી ઉઠયા, ભજવા માંડયા દીનબંધુ;
નદી મારી ક્યાં નાશી ગઇ, ક્યાંથી આવ્યો આ સીંધુ. ૧૫
આ જળથી નહી જાઉં જીવતો, કહી જુગદીશનું ધ્યાન ધર્યું;
દામોદરને દયા ઉપની, સાગર વચ્ચે ગામ કર્યું. ૧૬
તેમાં મલેચ્છ મનુષ્ય વાસ્યાં, અવળી રીતી તે ચાલે;
બ્રાહ્મણ શુદ્ર સરવે સરખા, એક એકને કન્યા આલે. ૧૭
તેવા ગામમાં ગયા સુદામા, નગરશેઠ સામા મળ્યા;
બ્રાહ્મણ તમે ભલે પધાર્યા, કહીને સાથે લેઇ વળ્યા. ૧૮
વીપ્ર કહે સુદામાપુરી, કહો શેઠ કેટલે હશે;
શેઠ કહે સુદામાપુરીમાં, જાતાં વીશ વરશ થશે. ૧૯
વીશ દીનથી વહાણ ગયાં છે, તે જઇને પાછાં આવશે;
પછી તમને ઘેર પહોંચાડે, સાઠ વરસે જવું ફાવશે. ૨૦
સુણી સુદામા સંતાપ કરતા, કોને ઘેર જઇને રહીશું;
પેટ પાપી પુણવા લાગશે, ક્યાં જઇને અન્નજ ખાઇશું. ૨૧
શેઠ કહે સંતાપ ન કરશો, સહુ તમારૂં કષ્ટ કાપું;
ખાવા પીવા ઓઢવા પહેરવા, રહેવાને મંદીર આપું. ૨૨

મારે પેટ છે પવિત્ર પુત્રી, તે દેઉં તમને કન્યા;
સુદામા કહે લેઉં શુદ્રની, થાત્ર અતી અધર્મ અન્યા. ૨૩
ત્યારે શેઠ કહે આ ગામમાં, બ્રાહ્મણ શુદ્ર સહુ સરખા;
સઘળો એહું અન્ન મળવાનું, ભુખે કયાં મારશો વળખાં. ૨૪
એટલે સુદામા અકળાયા, ગામ લોક ગરકન ધાસે;
સાઠે વરસે ઘેર જવાનું, અન્ન ઉદક વિણુ કેમ ચાસે.
અન્ન ખાઈશું ને વટલાઈશું, પરણ્યામાં ચિત્ત પેઠું છે;
ન્યાત રહી સુદામાપુરમાં ત્યાં જાણવા કોણ બેઠું છે. ૨૬
એવું સમજી કન્યા પરણ્યા, જુદું ઘરબાર લેઇ રહ્યા;
પત્નિ રાંધે પોતે જમે, બ્રહ્મા બેગા ભ્રષ્ટ થયા. ૨૭
સુદામાએ સંસાર માંડયો, નારીને પાંચ પુત્ર થયા;
પડોશમાં એક અબળા મુઇ હતી, તે સારૂ સ્મશાન ગયા. ૨૮
ધણુંક માણસ ગયું મશાણે, મડદુ છોડીને જુવે;
જે નારી મુઇ તેનો નાથજી, આંખે આંસુથી રુવે.
કાષ્ટ લાવી ચીતા ખડકી, ચીતામાં બહુ જીવ પેઠો;
નારીનું મુસ્તક ખોળામાં, લેઇને પીયુ બળવા બેઠો. ૩૦
સુદામા જોઇ વિસ્મે પામ્યા, બળનારો મુરખ જેવો;
સ્ત્રી સાથે પુરૂષ બરે, આ અનર્થ અવળો કેવો. ૩૧
તે સાંભળીને સહુ જન બોલ્યા, સુદામા તું છે મતિયો;
ગામ ચાલ છે નારી પુઠે, સ્વામી હોય તે થાય સતિયો. ૩૨
સુદામા કહે ચાલજ ખોટો, તેને તમે માન્યો ખરો;
કોઇ પુરૂષ બળે નહીં તેને કહો ભાઈ તમે શું કરો. ૩૩
લોક કહે ન તોહીએ ધારો બાંધીને સાથે લઇએ;
સારી રીતે બળે નહીં તો, પરાણે બાળી દઇએ. ૩૪

સુદામા કહે અરે શામજી, સરવે લુચ્ચા લોક નડશે;
મારી પત્નિનો પંડ પડે તો, મારે પણ બળવું પડશે. ૩૫
એવો એવો સંતાપ કરતા, ભજતા શ્રી અંતરજામી;
હરી લીલાથી સુદામાની પત્નિ, પણ મરણ પામી. ૩૬
સુદામાએ સબ દીઠું ને, પોક મેલી રડવા બેઠા;
જાણ્યું મને જાડે બાળશે, કોઠીગો વચ્ચે જઇ પેઠા. ૩૭
નગ્ર તણા ત્યાં લોકો આવ્યા, મડદુ ઉપાડ્યું હાથે;
સુદામાને શોધી કાહાડો, બળવા સારૂં લ્યો સાથે, ૩૮
સુણી સુદામા થરથર ધુજ્યા, ખુણે રહી આંખો ચોળે;
લોક લાંઠીઆ લઇ લાકડીઓ, કોઠી કબાલા ખોળે. ૩૯
ખુણામાંથા ખોળી કહાડ્યા, ખેંચીને બારણે લાવ્યા;
હાથ ઝાલી છઠવા ન દીધા, તેડીને મશાણ આવ્યા. ૪૦
ચીતા ખડકી સઉ લોક બોલ્યા, બાકી ન રહે વિસ્રામાં;
પહેલેથી સુદામા સમજી, બીરાજો આ ચીતામાં. ૪૧
સુણી સુદામા કરે સોચના, અગ્નિના ભડકા દીશે;
ફોલા ઉઠશે પાણી ટશે, દુઃખ પામીને જીવ જાશે.' ૪૨
અગ્નિ ના ખમાય ને જીવ જાય, બળ્યું બળવું નારી સંગે;
એ કરતાં પડું દરીયામાં, વેદના વ્યાપે નહી અંગે. ૪૩
એવું મન વિચારી બોલ્યા, બળવાને તૈયાર થાઉં છું;
ઉભા રહો ભાઇ મેલો મને, એકવાર નાહાવા જાઉં છું. ૪૪
એમ કરીને છેતરી ચાલ્યા, જળમાં જંપાપાત કીધો;
સ્નેહી સુદામાને શામળીએ, નદીમાં ખેંચી લીધો. ૪૫
સુદામાએ ડોકું કહાડ્યું, એટલે હસ્યા વનમાળી;
કૃષ્ણ કહે તમે છો પાછળ, હું આગળ છું લ્યો તાગી. ૪૬

સુદામા કહે શાની તાળી, ઘણાંક વરસ વહી ગયાં;
સાચું કહેજો સમ છે મારા, કયારના અહીંયાં ઉભા રહ્યા. ૪૭
કૃષ્ણ કહે કે હમણાં આવ્યા, નારી રાંધી રહી હશે;
વિઠ્ઠલ કહે વસ્ત્રજ પહેરો, રસોઇ ઠંડી થઇ જશે. ૪૮
સુદામા કહે શું બોલો છો ઘણા દીવસ વહી ગયા;
સીંધુ બેટમાં પ્રેમદા પરણ્યો, પાંચ પુત્ર તેનેજ થયા. ૪૯
ત્યાં સુધી શી રસોઇ રાંધે, જોવાને જઇએ વહેલા;
બંસીધર કહે આ શું બોલો, મુજ મિત્ર થયા ઘેલા; ૫૦
શાનાં છોકરાં શાની નારી, કહીને શ્રીકૃષ્ણે કર ઝાલ્યા;
ગાંડા જેવા ગણે મિત્રને, સુદામાને મહેલ ચાલ્યા. ૫૧
ઘરમાં સ્નેહી સાથે બેઠા, અકળલીલા બહુ પાકી;
રામાની રસોઇ જોઇ તો, નવટાંકની રોટલી બાકી. ૫૨
તેવું જોઇને ઝાંખા થયા, સુદામા પડીયા વીલા;
શામ કહે તમે સંસાર માંડયો, તે સઘળી મારી લીલા. ૫૩
સુદામા કહે તમ અકળલીલા, શું વખાણું મુખ થકી;
ત્રીકમજી તમારી લીલા, સ્વપ્ને પણ જોવી નથી; ૫૪
સુદામાજી બન્યા બાવરા, ભક્ત જનને મન ભાવે;
વ્યાસ વલ્લભ વાણી વદે, કૃષ્ણ કળ્યામાં કેમ આવે.

સમાપ્ત